For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા 1400 કરોડના ખર્ચની કેન્દ્ર સરકારને દરખાસ્ત મોકલવામાં આવી

# મેટ્રોને બુલેટ સાથે જોડવા 3 નવાં સ્ટેશન બનશે

**હાલમાં** મેટ્રોનો રૂટ સારોલી સુધીનો જ નક્કી કરાયો હતો, પરંતુ હવે લંબાવાશે

**સારોલીથી** અંત્રોલી જવા માટે 4.4 કિમીના અંતરની મેટ્રો લાઈન નંખાશે

**રૂટ** લંબાવવા માટેના ખર્ચ સહિતના આયોજનનો ડીપીઆર તૈયાર

**રાજ્ય** સરકારે આ વખતના બજેટમાં આ પ્રોજેક્ટ માટે 80 કરોડ ફાળવ્યા જ છે



સુરત : ડાયમંડ સિટી સુરતના પરિવહન માળખાને વધુ આધુનિક અને સુવિધાસભર બનાવવા માટે સુરત મેટ્રોને મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ સાથે સીધી રીતે જોડવાની મહત્ત્વાકાંક્ષી યોજના આકાર લઈ રહી છે. ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા તૈયાર કરાયેલા પ્રસ્તાવ મુજબ સુરત મેટ્રોના હાલના રૂટને અંત્રોલી સ્થિત હાઈ સ્પીડ રેલ સ્ટેશન સુધી લંબાવવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.

પ્રસ્તાવ મુજબ ભેસાણથી શરૂ થતી મેટ્રોની રેડ લાઈનના હાલના સારોલી ટર્મિનલ સ્ટેશનથી અંત્રોલી HSR સ્ટેશન સુધી 4.4 કિલોમીટર લાંબો નવો રૂટ વિકસાવવામાં આવશે. આ વિસ્તરણ હેઠળ ચેડછા, વેડછા અને અંત્રોલી ખાતે ત્રણ નવા મેટ્રો સ્ટેશનોનું નિર્માણ કરવામાં આવશે. જેના કારણે સુરત શહેર અને બુલેટ ટ્રેન સ્ટેશન વચ્ચે ઝડપી અને સરળ કનેક્ટિવિટી ઉપલબ્ધ બનશે. આ સમગ્ર પ્રોજેક્ટ પાછળ અંદાજે રૂ. 1400 કરોડનો ખર્ચ થવાની સંભાવના છે. વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ કેન્દ્રીય શહેરી વિકાસ મંત્રાલયને મોકલવામાં આવ્યો છે અને હાલમાં કેન્દ્રીય કેબિનેટની મંજૂરીની રાહ જોવાઈ રહી છે. રાજ્ય સરકારે પણ પ્રોજેક્ટને ગતિ આપવા માટે નાણાકીય વર્ષ 2027-28ના બજેટમાં રૂ. 80 કરોડની જોગવાઈ કરી છે, જેમાં રૂ. 40 કરોડની મૂડી સહાય અને રૂ. 40 કરોડની લોનનો સમાવેશ થાય છે.

બીજી તરફ સુરત મેટ્રો ફેઝ-1નું કામ પણ ઝડપભેર આગળ વધી રહ્યું છે. 40.35 કિલોમીટર લાંબા બે કોરિડોર અને 38 સ્ટેશનો ધરાવતું નેટવર્ક શહેરના મુખ્ય રહેણાંક, વ્યાપારી અને ઔદ્યોગિક વિસ્તારોને

...અનુસંધાન પાના ૯ પર

### મેટ્રો બુલેટ સુધી પહોંચી જશે પણ એરપોર્ટ સુધી લંબાવવાનું હજુ ઠેકાણું પડ્યું નથી !

મેટ્રોને બુલેટ ટ્રેન સાથે જોડવા માટે તાકીદના ધોરણે મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા ડીપીઆર તૈયાર કરીને દરખાસ્ત કેન્દ્ર સરકારને મોકલી આપવામાં આવી પરંતુ અગાઉ મેટ્રો રેલને ડ્રીમસિટીથી એરપોર્ટ સુધી લંબાવવાની પણ જાહેરાત કરવામાં આવી હતી પરંતુ હજુ સુધી તેનું ઠેકાણું પડ્યું નથી. નથી તો તેનો ડીપીઆર બન્યો કે નથી તો તેની કોઈ દરખાસ્ત તૈયાર કરવામાં આવી. એવું કહેવાય રહ્યું છે કે, આ માટે ડીપીઆર હજુ બની રહ્યો છે. હકીકત એ છે કે મેટ્રો બુલેટ ટ્રેન સુધી પહોંચી જશે પણ એરપોર્ટ સુધી નહીં પહોંચે તો એરપોર્ટથી બુલેટ ટ્રેન સુધી જઈ શકાશે નહીં.

વેડ રોડના નાસીરનગરના ભૂતિયા ડિમોલિશન પ્રકરણમાં

# અધિકારીઓના જવાબો જ કહી રહ્યા છે કે, બિલ્ડરો માટે ડિમોલિશન થયું !

**મનપા**, પોલીસ અને ખાનગી કોન્ટ્રાક્ટરો પૈકી તમામ ડિમોલિશનની કોણે સૂચના આપી તે મુદ્દે 'મૌન'

સુરત: સંજય અને શૈલેષ નામના બિલ્ડરોના લાભાર્થે કરાયેલા વેડરોડના નાસીરનગરના ભૂતિયા ડિમોલિશનને આજે બાર દિવસ થવા છતાં પણ આ ડિમોલિશન કોણ કરી ગયું તેની કોઈ જ સત્તાવાર વિગતો જાહેર કરવામાં આવતી નથી. આ ડિમોલિશન મામલે તેમાં સંકળાયેલી દરેક વ્યક્તિ ડિમોલિશન માટે કોની સૂચના હતી અને કોણે કહ્યું? તેની વિગતો જાહેર કરવા માટે તૈયાર નથી.

### કોણે કોણે શું શું જવાબો આપી છટકવાનો પ્રયાસ કર્યો?

- **સેન્ટ્રલ ઝોનના ઝોનલ ઓફિસર જયાંગ જીવનરામજીવાલા :** આ ડિમોલિશન સેન્ટ્રલ ઝોને કર્યું નથી. અમે માત્ર રસ્તાના ડિમાર્કેશન માટે જ ગયા હતા. ડિમોલિશન કોણે કર્યું તે ખબર નથી
- **જેસીબી ભાડે આપનાર મોહસીન ફ્રૂટવાલા:** મોહસીન ફ્રુટવાલાએ કહ્યું કે, મનપાના કોન્ટ્રાક્ટર તેજુ રાજપૂત દ્વારા શ્રીરામ એજન્સીના નામે તેમની પાસે જેસીબી મશીનની માંગણી કરવામાં આવતા તેમણે મશીન આપ્યા હતા. અગાઉ આજ કોન્ટ્રાક્ટર દ્વારા તેમની પાસેથી મશીન ભાડે લેવામાં આવ્યા હોવાથી તેમને શંકા ગઈ નહોતી.
- **કોન્ટ્રાક્ટર તેજા રબારી (રાજપૂત):** કોન્ટ્રાક્ટર તેજા રબારીએ પોતે ડિમોલિશન કર્યાનું અગાઉ સ્વીકાર્યું હતું પરંત કોના આદેશથી ડિમોલિશન કર્યું તેની વિગતો આપી નહોતી. હાલમાં ગાયબ છે.
- **સેન્ટ્રલ ઝોનનો ઇલેક્ટ્રિક સુપરવાઇઝર શૈલેષભાઇ :** પાવર કટ કરવા ફોન આવ્યો હતો એટલે ખાનગી વીજ કંપનીમાં પણ કોનો ફોન આવ્યો હતો તે યાદ નથી.

ડિમોલિશન મામલે ચાલી રહેલો મૌન અને કોણે કહ્યું તે જાહેર નહીં કરવાનો 'ખેલ' જ બતાવી રહ્યું છે કે, આ ડિમોલિશનમાં ભારે ગરબડ છે. હાલમાં તો મ્યુનિ.કમિ. દ્વારા તપાસ

...અનુસંધાન પાના 9 પર



(તસવીર : ઉમેશ સોલંકી)

# વિઝાના નામે લવજેહાદ મુદ્દે દહાણુ સજ્જડ બંધ

**ઘટનાથી** રોષે ભરાયેલા હિન્દુ સંગઠને બંધનું એલાન આપ્યું હતું

**આરોપીને** કડકમાં કડક સજા થાય અને કથિત લવ જહાદના બનાવો રોકવા ગુજરાતની જેમ મહારાષ્ટ્રમાં પણ કડક કાયદો બનાવવા માંગ !

ઉમરગામ: ગુજરાતના ઉમરગામ તાલુકાને અડીને આવેલા નજીકના મહારાષ્ટ્રના પાલઘર જિલ્લાના દહાણુ તાલુકામાં મુસ્લિમ યુવાને એક હિન્દુ યુવતીને પ્રેમજાળમાં ફસાવી હતી અને ત્યારબાદ તેણીની સગીર બહેન ઉપર પણ નજર બગાડી હતી અને બંને ઉપર શારીરિક અત્યાચાર ગુજાર્યો હતો અને વિડીયો બનાવી લીધો હતો. આ ઘટના પ્રકાશમાં આવતા હિન્દુ સંગઠનોમાં ભારે રોષ વ્યાપી ગયો હતો તથા રાજકારણ પણ ગરમાયું છે. આરોપી યુવાનને કડકમાં કડક સજા થાય તેમજ આ કેસની યોગ્ય તપાસ થાય તથા આવા કથિત લવ જેહાદના કિસ્સાઓ રોકવા કડક કાયદો બનાવવાની માંગ સાથે હિન્દુ સંગઠને 10 જૂનના બુધવારે સમગ્ર દહાણુ બંધનુ એલાન આપ્યું હતું.

...અનુસંધાન પાના 9 પર

ડબલ મર્ડરની ઘટનાથી વ્હોરા સમાજમાં હાહાકાર

# ભરૂચમાં સસરાએ પુત્રવધૂ અને વેવણને રહેંસી નાંખી



અલીફિયા ઝનોરવાલા | શહેનાઝ નમકવાલા

**ડો.યુસુફ** ઝનોરવાલાના પિતાએ બે હત્યા કર્યા બાદ આપઘાતનો પ્રયાસ કર્યો

**વ્હોરવાડ** કોઠી વિસ્તારમાં પારિવારીક ક્લેશમાં ઘટના બની હોવાની આશંકા

ભરૂચ : ભરૂચ શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલા વ્હોરવાડ અને કોઠી વિસ્તારમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. અહીં અલગ-અલગ મકાનોમાં રહેતી પુત્રવધૂ અને તેની માતાનો પુત્રવધૂના સસરાએ ચપ્પુ વડે હુમલો કરી નિર્મમ હત્યા કરી નાંખ્યાનો બનાવ બન્યો છે. હુમલા બાદ આરોપી સસરાએ પોતે પણ આપઘાતનો પ્રયાસ કર્યો હતો, જેમાં તે ગંભીર રીતે ઘાયલ થતા હાલ સિવિલ હોસ્પિટલના ICU વોર્ડમાં તેની હાલત નાજુક છે.

...અનુસંધાન પાના 9 પર

### પારિવારિક ક્લેશ બાબતે શંકા

આ ઘાતકી હુમલાનું કારણ પારિવારિક ઝઘડો હોવાનું માનવામાં આવે છે. જો કે, હત્યાનું ચોક્કસ કારણ હજુ સુધી સ્પષ્ટ થયું નથી. પોલીસે તપાસ શરૂ કરી દીધી છે અને બંને ઘટનાસ્થળો પર વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

### પરિવારમાં લાગણી નહીં પણ દુશ્મનાવટ નીકળી, પોલીસ સતર્ક

મૃતક અલીફિયા તેમના પતિ ડો. યુસુફ ઝનોરવાલા અને બે પુત્રીઓ સાથે કોઠી વિસ્તારમાં રહેતી હતી. ડો.યુસુફ ઝનોરવાલા BHMS ડિગ્રી ધારક છે અને કોઠી વિસ્તારમાં 'બુરહાની ક્લિનિક' નામે ખાનગી દવાખાનું ચલાવે છે. આ દારુણ ઘટનાને પગલે વિસ્તારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. પોલીસ અધિક્ષક સહિતના વરિષ્ઠ અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા છે અને તમામ પાસાઓની ઝીણવટભરી રીતે ચકાસણી કરી રહ્યા છે. આ મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

મનપાના જ અધિકારીઓની કમિટી તપાસ કરશે તો સત્ય કેવી રીતે બહાર આવશે?

# ડિમોલિશન મુદ્દે સચિવ કક્ષાની સ્વતંત્ર તપાસ યોજો: વિનુ મોરડીયા

**તપાસ** દરમિયાન જે જવાબદાર હોય તેની સામે ફોજદારી કાર્યવાહી પણ કરવાની મોરડીયાની માંગ

સુરત : વેડ દરવાજા નજીક આવેલા નાસીરનગર વિસ્તારમાં થયેલા ડિમોલીશન પ્રકરણમાં વિવાદ વધુ ઘેરો બન્યો છે. હવે ભાજપના જ ધારાસભ્ય વિનુ મોરડીયાએ સુરત મહાનગરપાલિકા દ્વારા રચાયેલી તપાસ સમિતિની નિષ્પક્ષતા સામે સવાલો ઉઠાવતાં સમગ્ર મામલાને નવો રાજકીય વળાંક મળ્યો છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે જે તંત્રના અધિકારીઓ સામે આક્ષેપો થઈ રહ્યા છે, તે જ તંત્રના અધિકારીઓ દ્વારા તપાસ કરાવવાથી સત્ય બહાર આવવાની શક્યતા ઓછી છે.

વિનુ મોરડીયાએ સમગ્ર ઘટનાની તપાસ રાજ્ય સરકારના સચિવ કક્ષાના સ્વતંત્ર અધિકારીને સોંપવાની માંગ કરી છે. સાથે જ તપાસ દરમિયાન જો કોઈ અધિકારી, કર્મચારી અથવા અન્ય જવાબદાર વ્યક્તિની ભૂમિકા સામે આવે તો માત્ર વિભાગીય કાર્યવાહી પૂરતી ન ગણાય, પરંતુ તેમની સામે પોલીસ ફરિયાદ દાખલ કરી ફોજદારી કાર્યવાહી પણ કરવામાં આવે તેવી માંગ તેમણે કરી છે.ઉલ્લેખનીય છે કે 29 મેના રોજ નાસીરનગર વિસ્તારમાં હાથ ધરાયેલી ડિમોલીશન કાર્યવાહી બાદ પાલિકા અને પોલીસની કામગીરી સામે અનેક સવાલો ઊભા થયા હતા. ડિમોલીશન દરમિયાન નિયમોનું પાલન કરવામાં આવ્યું હતું કે નહીં, ખાનગી મિલકતોને નુકસાન થયું હતું કે નહીં તેમજ સત્તાનો દુરૂપયોગ થયો હતો કે કેમ જેવા મુદ્દાઓને લઈને સ્થાનિકોમાં ભારે અસંતોષ જોવા મળ્યો હતો.

વિવાદ વધતા સુરત મહાનગરપાલિકાએ છ સભ્યોની તપાસ સમિતિની રચના કરી હતી, પરંતુ હવે આ સમિતિની વિશ્વસનીયતા અંગે ખુદ સત્તાધારી પક્ષના ધારાસભ્યએ જ શંકા વ્યક્ત કરતાં તપાસ પ્રક્રિયા ચર્ચાના કેન્દ્રમાં આવી ગઈ છે. મોરડીયાએ જણાવ્યું હતું કે તપાસ માત્ર ઔપચારિકતા પૂરતી ન રહેવી જોઈએ, પરંતુ પારદર્શક અને નિષ્પક્ષ રીતે થવી જોઈએ. જાહેર જનતાનો તંત્ર પર વિશ્વાસ જળવાઈ રહે તે માટે દોષિતોને કાયદા મુજબ સજા મળવી જરૂરી છે.ભાજપના ધારાસભ્ય દ્વારા જ મનપાની તપાસ પ્રક્રિયા સામે પ્રશ્નો ઉઠાવાતા નાસીરનગર ડિમોલીશન પ્રકરણ હવે વધુ રાજકીય રંગ પકડી રહ્યું છે. બીજી તરફ સચિવ કક્ષાની સ્વતંત્ર તપાસની માંગ ઉઠતા આગામી દિવસોમાં આ મુદ્દે વધુ ગરમાગરમ ચર્ચા અને રાજકીય ઘમાસાણ સર્જાય તેવી સંભાવના વ્યક્ત થઈ રહી છે.







# બીજાનો જીવ બચાવવા પોલીસ જવાને જીવ જોખમમાં મૂક્યો

**બંધ** ફ્લેટમાં ઝેર પી લેનારને બચાવવા સાતમા માળે એક ફ્લેટમાંથી બીજામાં ઉતર્યો

સુરત: લસકાણા પોલીસની પીસીઆર વાનમાં ફરજ બજાવતા પોલીસકર્મીએ અવિશ્વસનીય બહાદુરી બતાવી એક યુવકનો જીવ બચાવ્યો છે.

આ ઘટનાનો વિડીયો જોવા QR કોડ સ્કેન કરો.

લસકાણા પોલીસ સ્ટેશનની પીસીઆર 81ને એક કોલ આવ્યો હતો, જેમાં એક યુવક પોતાના બંધ ફ્લેટમાં ઝેરી દવા પી આપઘાત કરવાનો પ્રયાસ કરી રહ્યો હોવાની માહિતી મળી હતી. કોલ મળતા જ પીસીઆરના ડ્રાઈવર ક્રિપાલસિંહ ગોહિલે પીસીઆ દોડાવી મુકી હતી. માત્ર 9 મિનિટના ટૂંકા સમયમાં પીસીઆ ઘટના સ્થળે પહોંચી હતી. ઘટના સ્થળે પહોંચતા ખબર પડી કે જે યુવકને બચાવવા માટે કોલ આવ્યો તે સાતમા માળે પોતાના એપાર્ટમેન્ટની અંદર બંધ છે. યુવકે દરવાજો અંદરથી બંધ કર્યો છે અને તે ખોલી રહ્યો નથી. ત્યારે ક્રિપાલસિંહ અને પીસીઆરના પોલીસ કર્મી શૈલેષસિંહ ચૂડાસમાએ અવિશ્વસનીય બહાદુરી બતાવી હતી. બાજુના ફ્લેટની ગેલેરીમાંથી કપડા સૂકવવાની ગ્રીલ પર ચઢી ક્રિપાલસિંહની મદદથી શૈલેષ સિંહ ચૂડાસમા પીડિત યુવકના ફ્લેટમાં ગયા હતા. ફ્લેટના એક રૂમમાં યુવક કિરણભાઈ બંધ હતા. દરવાજો તોડી અંદર ગયા તો દ્રશ્ય ચોંકાવનારું હતું. કિરણભાઈના હાથમાં દવાની બોટલ હતી. અડધી દવા પી લીધી હતી.તાત્કાલિક શૈલેષ

...અનુસંધાન પાના 9 પર

### મને આનંદ છે એક જીવ બચાવી શક્યો : શૈલેષ ચુડાસમા

આ ઘટના સંદર્ભે પોલીસકર્મી શૈલેષસિંહ ચૂડાસમાએ જણાવ્યું કે, યુવક અંદર ઝેરી દવા પીતો હોવાનો મેસેજ મળ્યો હતો. એક યુવકના જીવ બચાવવાનો પ્રશ્ન હોય ફાયર બ્રિગેડની રાહ જોયા વિના પોતાના જીવની ચિંતા કર્યા વિના સાતમા માળેથી બાલ્કનીમાં કૂદકો માર્યો હતો. મારા મનમાં માત્ર એક જીવ બચાવવાની ચિંતા હતી. ડ્રાઈવર ક્રિપાલસિંહે કહ્યું કે, પોલીસકર્મી એકલા હોય હું તેમની મદદ માટે પહોંચ્યો હતો. મને આનંદ એ વાતનો છે કે અમે એક જીવ બચાવી શક્યા. પીડિત કિરણભાઈની તબિયત હવે સ્થિર છે. તેમની પત્ની સંગીતાબેને શૈલેષ ચૂડાસમાનો આભાર માન્યો છે. બીજી તરફ શૈલેષ ચૂડાસમાના મોટા ભાઈ રાકેશ ચૂડાસમાએ નાનાભાઈને ઠપકો આપતા કહ્યું હતું કે, આંધળો સાહસ કરવો નહીં. આ તરફ લસકાણા પોલીસ સ્ટેશનના પીઆઈ મીનાબેન ઝાલાએ પોતાના પોલીસકર્મીની કામગીરીને બિરદાવતા કહ્યું હતું કે, બંને પોલીસકર્મીની સમયસૂચકતા અને સાહસે એક યુવકનો જીવ બચાવ્યો છે. આ બંને પોલીકર્મીએ પોલીસખાતાનું ગૌરવ વધાર્યું છે.

# પોલીસ કમિશનર કચેરીના પાર્કિંગમાં જ ૫.૩૫ લાખની ઠગાઈ

**ઈકો** સેલની અરજી પતાવવાના બહાને ભેજાબાજે મોહણી ગામના ખેડૂત સાથે છેતરપિંડી કરી

સુરત: ચોર્યાસી તાલુકાના મોહણી ગામના એક યુવાન ખેડૂતને પોલીસ કમિશનર કચેરીના પાર્કિંગમાં જ બોલાવી, જમીન વિવાદની અરજીનો સુખદ અંત લાવવાના બહાને રૂ. ૫.૩૫ લાખ પડાવી લેવાયા હોવાનો સનસનાટીભર્યો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

ચોર્યાસી તાલુકાના મોહણી ગામે નિશાળ ફળિયામાં રહેતા ૩૬ વર્ષીય ખેડૂત ફેનીલકુમાર ધનસુખભાઈ પટેલની ટીમ્બરવા ગામની ખેતીની જમીન બાબતે લાંબા સમયથી વિવાદ ચાલી રહ્યો હતો. આ જમીન સંબંધી એક અરજીની તપાસ સુરત શહેર પોલીસ કમિશનર કચેરીના ઈકો સેલ (આર્થિક ગુના નિવારણ શાખા)માં ચાલી રહી હતી. કચેરીના ધક્કા ખાતી વખતે તેમનો સંપર્ક અનિલ વિભાણી નામના ઈસમ સાથે થયો હતો. અનિલે પોતાની ઓળખ સરકારી કચેરીઓના વગદાર એજન્ટ તરીકે આપી હતી.

તેણે તેમને ખાતરી આપી હતી કે ઈકો સેલની તપાસ તેના પક્ષમાં કરાવી દેશે. તેની વાતમાં આવીને તેમણે તેને તા. ૧૪ ઓક્ટોબર ૨૦૨૫ થી લઈને ૯ જૂન ૨૦૨૬ દરમિયાન કમિશનર કચેરીના પાર્કિંગમાં જ અલગ-અલગ તબક્કે કુલ રૂ. ૫,૩૫,૦૦૦ રોકડા આપ્યા હતાં. જો કે કોઈ કામ આગળ નહીં વધતા તેમણે નાણા પરત માંગતા

...અનુસંધાન પાના 9 પર

## જહાંગીરપુરાના મિકેનિકલ એન્જિનિયરનો ફાંસો ખાઈ આપઘાત

સુરતઃ મૂળ ઓલપાડ તાલુકાના મિરઝાપુર ગામના વતની દીપકભાઈ હરિભાઈ પટેલ હાલમાં જહાંગીરપુરા વિસ્તારમાં આવેલી જય જલારામ સોસાયટીમાં બે સંતાન સાથે રહે છે. તે પાંડેસરા બમરોલી વિસ્તારમાં આવેલ SMC કોન્ટ્રાક્ટ હેઠળ ચાલતી લેબોરેટરીમાં નોકરી કરે છે. તેમનો 29 વર્ષીય પુત્ર હાર્દિકકુમાર મિકેનિકલ એન્જિનિયર હતો અને તે ઓલપાડ ખાતે ખાનગી કંપનીમાં નોકરી કરતો હતો. પરંતુ છએક મહિનાથી તેની નોકરી છૂટી ગઈ હતી. ત્યારબાદ તેએ ચારેક વખત નોકરી માટે ઈન્ટરવ્યુ આપ્યા હતા. પરંતુ યોગ્ય કામ મળ્યું ન હતું. દરમિયાન આજે બુધવારે તે હજીરાની L|T કંપનીમાં

...અનુસંધાન પાના 9 પર

# પાલિયા એલિગન્સ પ્રોજેક્ટને ફાયદો કરાવવા નાસીરનગરમાં ડિમોલિશન : કોંગ્રેસ

**વિધાનસભામાં** વિપક્ષી નેતા તુષાર ચૌધરીની મુખ્યમંત્રીને પત્ર લખી ઉચ્ચસ્તરીય તપાસની માંગ

ગાંધીનગર : સુરતના વેડ રોડ નાસીરનગર વિસ્તારમાં થયેલી મેગા ડિમોલિશન કાર્યવાહી હવે રાજકીય વિવાદનું કેન્દ્ર બની છે. ગુજરાત વિધાનસભામાં કોંગ્રેસ પક્ષના નેતા ડો. તુષાર ચૌધરીએ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર લખી સમગ્ર ઘટનાની ઉચ્ચસ્તરીય તપાસ કરાવવાની માંગ કરી છે. ચૌધરીએ ગંભીર આક્ષેપ કરતા પત્રમાં લખ્યું છે કે , '100થી વધુ પરિવારોને

...અનુસંધાન પાના 9 પર

### તુષાર ચૌધરીએ ઉઠાવેલા સવાલો

(1) અસરગ્રસ્તોને અગાઉ કોઈ નોટિસ આપવામાં આવી હતી કે નહીં?

(2) સુપ્રીમ કોર્ટની માર્ગદર્શિકા મુજબ વૈકલ્પિક આવાસની વ્યવસ્થા કેમ ન કરાઈ?

(3) બિલ્ડરને આપવામાં આવેલી મંજૂરીઓની પ્રક્રિયા શું હતી

(4) પ્રોજેક્ટ માટે પ્લોટ વેરિફિકેશન કયા આધારે મંજૂર કરાયું હતું તેની તપાસની માંગ કરવામાં આવી છે.

# નાસીરનગરમાં દબાણોનું ડિમોલિશન કરાયું તો હોબાળો શા માટે?: જમીનમાલિક ગુલબેન

**હું ખોટો** હોબાળો કરનારાઓ સામે કડક કાર્યવાહી માટે પીએમ અને સીએમને રજૂઆત કરીશ



સુરત : નાસીરનગર ભૂતિયા ડિમોલીશન પ્રકરણમાં રોજબરોજ નવા ખુલાસા અને દાવા-પ્રતિદાવાઓ સામે આવી રહ્યા છે. હવે આ સમગ્ર મામલે માછલીપીઠ ખાતે રહેતા જમીન માલિક વૃદ્ધ પારસી મહિલા ગુલબેન પાલિયાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. તેમના જણાવ્યા મુજબ, વર્ષો અગાઉ તેમણે આ જમીનો સુરત મહાનગરપાલિકાને જાહેર હિતના હેતુસર સોંપી હતી. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે આ વિસ્તારમાં શાળાના નિર્માણ માટે પણ તેમની તરફથી જમીન આપવામાં આવી હતી. વીડિયોમાં ગુલબેને વર્તમાન રાજકીય પરિસ્થિતિ અંગે પણ નારાજગી વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, આજે વિવિધ રાજકીય આગેવાનો પોતાના હિતો સાધવા માટે આ મુદ્દાનો ઉપયોગ કરી રહ્યા છે, જ્યારે અસરગ્રસ્ત લોકો પ્રત્યે સાચી સંવેદના કોઈ પાસે જોવા મળતી નથી. તેમણે પ્રશ્ન ઉઠાવ્યો હતો

...અનુસંધાન પાના 9 પર


અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
| --- | --- | --- |
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
| --- | --- | --- | --- |
| | ₹૪૫૦૦/- | ₹3000/- | ₹૫૨૦૦/- |


(+GST EXTRA)

ગુજરાતમિત્ર

જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦



બીજી પુણ્યતિથિએ હાર્દિક શ્રધ્ધાંજલિ



સ્વ. ડો.ધર્મેન્દ્રસિંહ રણજીતસિંહ વશી

જ.તા.13-04-1974

સ્વ.તા. 11-06-2024 જેઠ સુદ પાંચમ ને મંગળવાર

સમયના વહેણ સાથે બે વર્ષ વીતી ગયા, પરંતુ આપની યાદો આજે પણ અમારા હૃદયમાં અવિસ્મરણીય છે. આપે આપેલા પ્રેમ, સંસ્કારો અને આશીર્વાદ અમારા જીવનમાં સદાય પ્રેરણારૂપ બની રહેશે. આપની પવિત્ર સ્મૃતિને શત શત નમન અને ભાવભીની શ્રદ્ધાંજલિ.

પ્રેમાળ સ્મૃતિમાં

શારદાબેન રણજીતસિંહ વશી (માતા)
હર્ષાબેન ધર્મેન્દ્રસિંહ વશી (પત્ની)
સંસ્કૃતી ધર્મેન્દ્રસિંહ વશી (પુત્રી)
મહેશકુમાર રણજીતસિંહ વશી (ભાઈ)
સુરેખાબેન મહેશકુમાર વશી (ભાભી)
ડો. દિલીપસિંહ નરપતસિંહ બોરસીઆ (જ.સા.)
જયોતિબેન દિલીપસિંહ બોરસીઆ (બેન)
જૈમીન, અસીતી, મલય, ચિંતન

શ્વસુર પક્ષ
જશવંતસિંહ એમ. દેસાઈ (સસરા)
નિલમસિંહ એન. દેસાઈ (સાળા)
અમિતસિંહ એન. દેસાઈ (સાળા)
પાર્થિવ જે. દેસાઈ (સાળા)

મુ. પો.કોષ, તા.મહુવા, જિ.સુરત